# 94

સૌની યોજના અન્વયે પાઇપલાઇનની કામગીરી

***15/4/2255** શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા(સોમનાથ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદાના પાણીની સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા માટેની યોજના માટે કેટલા કિ.મી. પાઇપલાઈન નાખવા માટે કેટલી રકમની વહીવટી અને સૈધ્ધાંતિક મંજૂરી ક્યારે આપવામાં આવેલ,

**જવાબ**

(૧) નર્મદાના પાણીથી સૌરાષ્ટ્રના જળાશયો સૌની યોજના અન્વયે પાણીથી ભરવા ૧૩૭૧ કિ.મી. પાઇપલાઇન માટે નીચેની વિગતે મંજૂરીઓ આપવામા આવેલ.

| | | |
|---|---|---|
| સૈદ્ધાંતિક મંજુરી | ફેબ્રુઆરી–૨૦૧૩ | રૂ! ૧૦,૦૦૦ કરોડ |
| વહીવટી મંજુરી | એપ્રિલ–૨૦૧૩ | રૂ! ૧૦,૮૬૧ કરોડ |
| સુધારેલ વહીવટી મંજુરી | ડીસેમ્બર–૨૦૧૮ | રૂ! ૧૮,૫૬૩ કરોડ |

(ઉપરાંત, સૌની યોજનાના ૧૧૫ જળાશયોના મૂળભૂત આયોજન સિવાયની સૌની યોજનાની આનુસંગિક અંગભુત કામગીરી હાથ ધરવા માટે ફીડરલાઇન તથા એક્સટેન્શન લાઇનને જુન–ઑગસ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૦ માં અલગથી રૂ.૪૧૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે)

**પ્રશ્ન**

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૨) રૂ. ૧૭૧૫૯/- કરોડ

**પ્રશ્ન**

(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કિ.મી. પાઈપલાઈન નાખવામાં આવી અને કેટલા કિ.મી. પાઇપલાઇન નાખવાની કામગીરી ક્યા કારણોસર બાકી છે?

**જવાબ**

(૩) કુલ ૧૩૧૩ કિ.મી પાઇપલાઇન નાખવામા આવી છે અને ૫૮ કિ.મી પાઇપલાઇન સ્થળ પરના ખેડૂત ખાતેદારોના ROU ના વિવિધ પ્રશ્નો, વિવિધ ક્રોસિંગ (રેલવે,હાઇવે) ની જરૂરી મંજુરી તેમજ વર્ષ–૨૦૨૦ અને વર્ષ–૨૦૨૧ મા કોવિડ–૧૯ ની પરિસ્થિતિના કારણે બાકી છે.

---------------------